તાપમાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૮.૦° સે. | ૨૧.૦° સે. |
| બારડોલી | ૩૭.૦° સે. | ૨૦.૦° સે. |
| ભરૂચ | ૩૮.૦° સે. | ૨૨.૦° સે. |
| વ્યારા | ૩૭.૦° સે. | ૨૦.૦° સે. |

## ઘરબેઠા રોજગાર

### વ્યારાના 'વનશ્રી મોડેલ'થી આદિવાસી મહિલાઓએ રચી રૂ.1 કરોડના વ્યવસાયની સફળગાથા

# મહિલાઓ બની બિઝનેસ લીડર!

**ચાર** વનશ્રી રેસ્ટોરાંનું વાર્ષિક ટર્નઓવર રૂ.1 કરોડથી વધુ, ૫૦થી વધુ મહિલાઓને રોજગારી

**નાગલીના** રોટલા, પરંપરાગત આદિવાસી વાનગીઓ અને સ્થાનિક ખેતપેદાશો બન્યાં રોજગારીનું માધ્યમ



### મજૂરીથી વ્યવસાય સંચાલન સુધીની સફર

સુરત વન વર્તુળના વન સંરક્ષક પુનિત નૈય્યરના જણાવ્યા મુજબ વનશ્રી રેસ્ટોરાં સ્થાનિક મહિલાઓને સ્વરોજગારની તક પૂરી પાડવાની સાથે આદિવાસી સમુદાયની પરંપરાગત વાનગીઓને પ્રોત્સાહન આપે છે. વ્યારા વન વિભાગના નાયબ વન સંરક્ષક સચિન ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ મોડેલ હેઠળ મહિલાઓને વ્યવસાય સંચાલન અને બિઝનેસ લીડરશિપની તાલીમ પણ મળે છે. અગાઉ મજૂરી પર નિર્ભર રહેલી મહિલાઓ આજે સખી મંડળોના માધ્યમથી રેસ્ટોરાં અને વ્યવસાયનું સંચાલન કરી રહી છે. કરંજવેલના હેતવી સખી મંડળનાં એક સભ્યના અનુભવ પ્રમાણે વનશ્રી પહેલાં તેમની પાસે નિશ્ચિત આવકનો આધાર નહોતો, જ્યારે હવે તેઓ રેસ્ટોરાંનું સંચાલન કરીને કર્મચારીઓને પગાર આપી શકે છે.

ગાંધીનગર: જંગલ અને પ્રકૃતિને માત્ર પર્યટનનું સ્થળ નહીં, પરંતુ સ્થાનિક સમુદાયની આજીવિકા અને આર્થિક આત્મનિર્ભરતાનું માધ્યમ બનાવવામાં આવે તો વિકાસની નવી તકો કેવી રીતે ઊભી થઈ શકે તેનું ઉદાહરણ વ્યારા વન વિભાગનું 'વનશ્રી મોડેલ' પૂરું પાડી રહ્યું છે. આદિવાસી મહિલાઓ દ્વારા સંચાલિત ચાર વનશ્રી રેસ્ટોરાંનું સંયુક્ત વાર્ષિક ટર્નઓવર રૂ.1 કરોડથી વધુ થઈ રહ્યું છે, જ્યારે ૫૦થી વધુ મહિલાઓને સીધી રોજગારી મળી રહી છે અને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે આશરે ૧૦૦ પરિવારોની આજીવિકાને ટેકો મળી રહ્યો છે. નાગલીના રોટલા, પરંપરાગત કઠોળ, નાગલીના લાડુ અને સ્થાનિક વાનગીઓના સ્વાદને વન પર્યટન સાથે જોડતી આ પહેલમાં મહિલાઓ માત્ર રોજગાર મેળવનાર નહીં, પરંતુ વ્યવસાયનું સંચાલન કરતી ઉદ્યોગ સાહસિક તરીકે પણ ઉભરી રહી છે.

આ પહેલ વન સંરક્ષણ, આદિવાસી સંસ્કૃતિના સંવર્ધન અને સ્થાનિક રોજગારી વચ્ચે સેતુ રચવાનો પ્રયાસ છે. સુરત વન વર્તુળ હેઠળના વ્યારા વન વિભાગમાં કાર્યરત ચારેય રેસ્ટોરાંનું સંચાલન સ્થાનિક મહિલા સ્વસહાય જૂથો અને સખી મંડળો કરે છે. આ વ્યવસ્થાથી પરંપરાગત વાનગીઓને બજાર મળે છે અને સ્થાનિક મહિલાઓને પોતાના વ્યવસાયનું સંચાલન કરવાની તક મળે છે. બીજી તરફ મહિલાઓને આવકથી સંતાનોના શિક્ષણ અને આરોગ્યને પણ ટેકો મળ્યો છે.

વનશ્રી મોડેલ હેઠળ વ્યારા, સોનગઢ, પદમડુંગરી અને આંબાપાણી ખાતે ચાર રેસ્ટોરાં કાર્યરત છે. ઉપલબ્ધ વિગતો પ્રમાણે, કરંજવેલ ગામનું 'હેતવી સખી મંડળ' વ્યારા વનશ્રીનું સંચાલન કરે છે, જેનું વાર્ષિક ટર્નઓવર રૂ.૫૩ લાખ છે. ચીકલદા ગામના 'આદર્શ મહિલા મંડળ' દ્વારા સંચાલિત સોનગઢ વનશ્રીનું વાર્ષિક ટર્નઓવર રૂ.૩૦ લાખ છે. ચુનાવાડીના 'સાઈ સખી મંડળ' દ્વારા સંચાલિત પદમડુંગરી કેન્દ્રનું ટર્નઓવર રૂ.૧૦ લાખ, જ્યારે 'પ્રગતિ સખી મંડળ' દ્વારા સંચાલિત આંબાપાણી કેન્દ્રનું ટર્નઓવર રૂ. ૮ લાખ છે. આમ, ચારેય કેન્દ્રોનું કુલ વાર્ષિક ટર્નઓવર આશરે રૂ.૧.૦૧ કરોડ થાય છે.

વનશ્રી મોડેલની વિશેષતા એ છે કે તેમાં સ્થાનિક ખેતરોમાંથી કાચો માલ મેળવવાથી લઈને રસોઈ, પુરવઠો, પરંપરાગત વાનગીઓનું વેચાણ અને પ્રવાસીઓને સ્થાનિક સંસ્કૃતિનો અનુભવ કરાવવા સુધીની મૂલ્યશૃંખલા વિકસાવવામાં આવી છે.

## કીમ નદીના પુલ માટે ડાયવર્ઝન ન અપાતાં લોકોમાં રોષ

વાંકલ: માંગરોળ અને વાલિયા તાલુકાને જોડતા રાજ્ય ધોરી માર્ગ પર કીમ નદીનો જૂનો પુલ જર્જરિત થવાથી નવો પુલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ નવા પુલના નિર્માણ વખતે વાહનવ્યવહાર માટે કોઈ જ ડાયવર્ઝન (વૈકલ્પિક રસ્તો) ન આપવામાં આવતાં સ્થાનિક ગ્રામજનો અને આગેવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તો બંધ હોવાથી અંકલેશ્વર, ભરૂચ અને વાંકલ કોલેજ જતા વિદ્યાર્થીઓ તેમજ પશુપાલકો અને ખેડૂતોને ભારે આર્થિક અને શારીરિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કરા, મેરા, આમંડેરા, ગીજરમ વગેરે ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. કોસાડી થઈ જવાના કારણે ખૂબ મોટો ફેરાવો પડે છે. કોન્ટ્રાક્ટર અને સંબંધીઓ સમક્ષ રજૂઆતો કરવા છતાં કોઈ સંતોષકારક ખુલાસો ન મળતા નાગરિકોમાં નારાજગી છે. જો તંત્ર દ્વારા વહેલી તકે ડાયવર્ઝનની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## પલસાણામાં આહીર સમાજનો મેગા રક્તદાન કેમ્પ યોજાયો



પલસાણા

**1000થી** વધુ યુનિટ રક્ત એકત્ર કરાયું: 5 બ્લડ બેંક જોડાઈ

પલસાણા: પલસાણા ખાતે સુરત જિલ્લા આહીર સમાજ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા એક મેગા રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પલસાણા સ્થિત મણિબા આહીર સમાજની વાડી ખાતે યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમમાં સુરત જિલ્લાભરમાંથી યુવાનો, મહિલાઓ અને સમાજના સભ્યોએ ભારે ઉત્સાહભેર ભાગ લઈ સ્વૈચ્છિક રક્તદાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં પાંચ જેટલી નામાંકિત બ્લડ બેંકોની મેડિકલ ટીમોએ હાજર રહીને રક્તદાતાઓની પ્રાથમિક આરોગ્ય તપાસ કરી સલામત રીતે રક્તદાન કરાવ્યું હતું. આ પ્રસંગે સુરત જિલ્લા આહીર સમાજના પ્રમુખ મોહનભાઈ આહિરે જણાવ્યું હતું કે, આ મેગા કેમ્પમાં કુલ 1200થી વધુએ નામ નોંધાવ્યાં હતાં. જેના ભાગરૂપે ૧૦૦૦ યુનિટથી વધુ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. તેમણે વિશેષ કરીને યુવાનો અને મહિલાઓને આ ભગીરથ કાર્યમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાઈ રક્તદાન કરવા બદલ સમાજના અગ્રણીઓ અને યુવાનોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. સફળ આયોજન દ્વારા આહીર સમાજે સામાજિક એકતા અને નિ:સ્વાર્થ સેવાભાવનો ઉત્કૃષ્ટ સંદેશ પૂરો પાડ્યો છે. હીરાભાઈ આહીર, પ્રવીણભાઈ આહિર જેવા આગેવાનોએ હાજર રહી કેમ્પને સફળ બનાવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણામાં બે દિવસ પહેલાં વાહનની ટક્કરે નહેરમાં પડેલા મોપેડ ચાલકની લાશ મળી

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં કરણ ગામની નહેર પાસે અજાણ્યા વાહને મોપેડ નં.(GJ-19-BP-7666)ને ટક્કર મારતા ૫૦ વર્ષીય ચાલક રણજીતસીંગ જગદીશસીંગ સીંગ (રહે.,સાંકી ગામ, શ્રી રેસિડન્સી, પલસાણા, મૂળ-બિહાર) નહેરના પાણીમાં ખાબકતાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું. ગત ૨૩ ઓક્ટોબરે રાત્રે બનેલી આ ઘટના બાદ અજાણ્યો વાહનચાલક ફરાર થઈ ગયો હતો. બે દિવસની શોધખોળ બાદ ૨૫ ઓક્ટોબરે ટીમ્બરવા ગામની નહેરમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પલસાણા પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બમરોલી પાસે અકસ્માતમાં યુવકનું મોત, એક ઘાયલ

બારડોલી: બારડોલી-મહુવા રોડ પર બમરોલી ગામ નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૯ વર્ષીય યુવકનું મોત નીપજ્યું છે, જ્યારે ૧૬ વર્ષીય કિશોર ઈજાગ્રસ્ત થયો છે. આફવા ગામના દેવ કિરણભાઈ રાઠોડ અને તપન અનિલભાઈ રાઠોડ ગત ૨૪મી ઓક્ટોબરે બાઇક પર તરસાડીથી વાળ કપાવીને પરત ફરી રહ્યા હતા. દરમિયાન બમરોલી નજીક દેવે પૂરપાટ ઝડપે હંકારી રહેલી પોતાની બાઇક આગળ ચાલતી અન્ય મોટરસાઇકલ પાછળ અથડાવી હતી. આ અકસ્માતમાં ગંભીર ઇજા પામેલા દેવનું સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૨૬મી ઓક્ટોબરે મોત થયું હતું, જ્યારે સામાન્ય ઇજા પામેલા તપનને પ્રાથમિક સારવાર આપી રજા અપાઈ હતી. આ અંગે બારડોલી ગ્રામ્ય પોલીસ મથકે મૃતક બાઇક ચાલક સામે બેદરકારીથી વાહન ચલાવવાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

### બારડોલીમાં ફ્રી ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાશે

બારડોલી: શ્રી ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજ, બારડોલી દ્વારા મારુતિ ડેન્ટલ ક્લિનિકના સહયોગથી સરદાર પટેલ જયંતી નિમિત્તે દાંતના ચેકઅપ માટે એક ફ્રી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આગામી તા.૩૧/૧૦/૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૧૦થી ૧ કલાક દરમિયાન જલારામ મંદિર હોલ, બારડોલી ખાતે યોજાવા જઈ રહ્યો છે. આ મેડિકલ કેમ્પમાં તપાસ બાદ જરૂરી દર્દીઓને વિનામૂલ્યે દવા પણ આપવામાં આવશે. આ સેવાનો લાભ લેવા પોતાનાં નામ આગામી તા.૨૭-૧૦-૨૦૨૬ સુધીમાં મંદિરમાં નોંધાવી દેવાના રહેશે.

### પીએમ મોદીના પિતા પર ખડગેની ટિપ્પણી સામે બારડોલી ભાજપનો વિરોધ

બારડોલી: બિહારના પટનામાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વર્ગસ્થ પિતા વિશે કરાયેલી અભદ્ર ટિપ્પણીના વિરોધમાં સોમવારે સુરત જિલ્લા ભાજપ દ્વારા બારડોલી સરકીટ હાઉસ ખાતે ઉગ્ર દેખાવો યોજવામાં આવ્યા હતા. ગુજરાત પ્રદેશ ભાજપના આહવાન પર યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં સુરત જિલ્લાના કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. આ નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢી, આ પ્રકારની અભદ્ર ભાષાના ઉપયોગ બદલ તેમને તુરંત માફી માંગવા માટે કડક માંગ કરી છે.

### ખોલવડમાં ટેમ્પો રિવર્સ લેતી વેળા માથા પર વ્હીલ ફરી વળતાં બે વર્ષના બાળકનું મોત

કામરેજ: કામરેજના ખોલવડ રોડ પર બ્રહ્મહંસ પ્લાઝા સામે મધુસુદન પેકવેલ ગોડાઉન નજીક ટેમ્પો રિવર્સ લેતાં એક બાળકનું મોત થયું હતું. મૂળ યુપી અને હાલ ખોલવડની બળવા કોલોનીમાં રહેતા પ્રદીપ વર્માની પત્ની ખુશ્બુબેન પૂઠા પેકિંગની મજૂરી માટે ગયાં હતાં, ત્યારે તેમનો બે વર્ષનો પુત્ર રૂદ્ર ગોડાઉન સામે રમી રહ્યો હતો. સોમવારે સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ ટેમ્પો નં.(GJ 05 BZ 3273)ના ચાલક રાજેશ રણછોડ ઝીંઝાળા (ઉં.વ.30) (રહે.,41, સુમુલ લક્ષ્મી સોસાયટી, કેનાલ રોડ, કામરેજ)એ ટેમ્પો રિવર્સ લેતાં વ્હીલ બાળકના માથા પર ફરી વળ્યું હતું. ગંભીર ઈજા પામેલા બાળકને હોસ્પિટલ ખસેડાતાં તબીબે મૃત જાહેર કર્યો હતો. પોલીસે અકસ્માત સર્જનાર ટેમ્પો ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ટંકારિયામાં કેનાલમાં ડૂબી જવાથી યુવકનું મોત

ભરૂચ: પાલેજના ટંકારિયા ગામે કેનાલમાં કથિતપણે 22 વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. મંડપનું કપડું ધોવા માટે કેનાલ પર ગયેલા યુવકનો અચાનક પગ લપસતાં તે પાણીમાં ડૂબી ગયો હતો. આ ઘટનાના પગલે ગ્રામજનોમાં શોકમગ્ન માહોલ છવાઈ ગયો હતો. ટંકારિયા ગામમાં રહેતા દશરથ શંકરભાઈ વસાવા મંડપનું કપડું ધોવા માટે ગામ નજીક આવેલી કેનાલમાં ગયા હતા. દરમિયાન અચાનક તેમનો પગ લપસી જતાં તે કેનાલના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. બનાવની જાણ થતાં સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ પાલેજ પોલીસને થતાં પોલીસ સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. ત્યારબાદ યુવકના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢતાં પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો. પાલેજ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### નેત્રંગના ચંદ્રવાણ ગામેથી દારૂ ઝડપાયો

નેત્રંગ: આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈ નેત્રંગ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એસ.વણઝારાએ પ્રોહિબિશન-જુગારની પ્રવૃત્તિ અટકાવવા સ્ટાફને સૂચના આપી હતી. દરમિયાન ચંદ્રવાણના નિશાળ ફળિયામાં રહેતો મુકેશ રાજેશ વસાવા વિદેશી દારૂ મંગાવી ઘરેથી છૂટક વેચાણ કરતો હોવાની બાતમી મળતાં પોલીસે રેડ કરી હતી. એ જોઈ મુકેશ થેલી ફેંકી નાસી ગયો હતો. થેલી ચેક કરતાં રૂ.૫૭૬નો દારૂ મળ્યો હતો.

## નવાગામ નજીક બે સંતાનના પિતાનો દવા પી આપઘાત

કામરેજ: મૂળ ભાવનગરના દેપલા અને હાલ કાપોદ્રા રચના સોસાયટીમાં મકાન નં.191માં રહેતા યોગેશભાઈ વિરજીભાઈ તેજાણી (ઉં.વ.40)ને એક વર્ષ અગાઉ ફેક્ટરીમાં કામ કરતાં સમયે અકસ્માત થતાં કમરના ભાગે ઓપરેશન કરાવ્યું હતું. બાદ કોઈ કામ કરી શકતા ન હોવાથી ઘરે જ રહેતા હતા. રવિવારે સાંજે 6 કલાકે યોગેશભાઈએ પિતા વિરજીભાઈ તેજાણીને ફોન કરીને જણાવ્યું કે, મારાથી કંઈ કામ થતું નથી. જેથી હું દવા પી જાઉં છું તેમ કહી ફોન કાપી નાંખ્યો હતો. આ વાત યોગેશભાઈના પિતા વિરજીભાઈએ સગા સંબંધીને ફોન કરી શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન યોગેશભાઈના બનેવીએ ફોન કરતાં કામરેજના નવાગામની હદમાં મેલડી માતાના મંદિરે પાસે હોવાનું જણાવતાં બેભાન અવસ્થામાં મળી આવતાં 108માં સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતાં રાત્રિના આશરે 8.10 કલાકે મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઓલપાડ ગ્રા.પં. માટી કૌભાંડમાં સસ્પેન્ડેડ સરપંચ હાઈકોર્ટના દ્વારે

**રૂ.૨૪.૯૦** લાખના ગેરકાયદે અને અનૈતિક ચૂકવણાના વિવાદમાં હાઇકોર્ટે સરકારી તંત્ર પાસે પુરાવા માંગ્યા

સાયણ: ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતના કાર્યક્ષેત્રની સરકારી પડતર જમીન અને તળાવમાંથી માટી ખોદી કાઢવાના કૌભાંડ તેમજ રૂ.૨૪.૯૦ લાખના ગેરકાયદે અને અનૈતિક ચૂકવણાના વિવાદે હવે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. આ વિવાદ ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચતા સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાટો આવી ગયો છે.

તત્કાલિન મહિલા સરપંચ રુચિકાબેન પટેલને સુરેન્દ્રનગર જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. જોકે, રુચિકાબેન પટેલના આરોપ મુજબ તેમની જાણ બહાર ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ કરી તળાવની માટી ખોદી વેચી મારવાના કથિત કૌભાંડમાં ઈનચાર્જ સરપંચ આનંદ કહાર અને તલાટી કમ મંત્રી બલદેવસિંહ બારિયા સહિતના કેટલાક લોકોની સંડોવણી છે. પોતાની આ ફરિયાદ અંગે સરકારી તંત્રના અધિકારીઓએ રાજકીય દબાણ હેઠળ કોઈ કાર્યવાહી ન કરતાં તેમણે ન્યાય મેળવવા માટે ભૂસ્તરશાસ્ત્રી, કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, ઓલપાડ પ્રાંત અધિકારી, મામલતદાર અને તા.વિ. અધિકારીને પક્ષકાર તરીકે જોડીને ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી છે.

હાઈકોર્ટે આ મામલે આગામી ૫મી નવેમ્બરે થનાર સુનાવણી દરમિયાન તમામ પક્ષકારોને ગ્રા.પં.ના ઠરાવો અને ભરાયેલ રોયલ્ટી સહિતના આધાર પુરાવાઓ સાથે હાજર રહેવા આદેશ કર્યો છે.

આ વિવાદ માત્ર પંચાયત પૂરતો મર્યાદિત ન રહેતા આગામી ચૂંટણીઓમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાતો પડવાની પૂરી શક્યતાઓ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે ભાજપ સમર્પિત સસ્પેન્ડ મહિલા સરપંચની વ્હારે આવીને રાજ્યના મુખ્યમંત્રી, વિકાસ કમિશનર અને સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવને પત્ર લખીને ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, લાખો રૂપિયાનું આ ગેરકાયદે ચૂકવણું માત્ર સરપંચની સહીથી નહીં, પરંતુ તલાટી કમ મંત્રીની સંયુક્ત સહી અને ઓલપાડ તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઈજનેર તથા નાયબ કાર્યપાલક ઈજનેર સહિતની સરકારી કચેરીઓની મંજૂરી બાદ થયું છે. આમ, સત્તાવાર તંત્ર દ્વારા આ તમામને છાવરવાના પ્રયાસો સામે આવ્યા છે, જેના કારણે આગામી સમયમાં સ્થાનિક રાજકારણમાં નવાં સમીકરણો સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# ખુશાલપુરામાં પ્રસ્તાવિત અણુ વિદ્યુત પ્રોજેક્ટ રદ કરવા માંગ

**ખુશાલપુરા** સહિત સંભવિત અસરગ્રસ્ત ગામના આગેવાનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું



વ્યારા: ખુશાલપુરા ગામમાં પ્રસ્તાવિત NTPC પરમાણુ ઊર્જા પ્રોજેક્ટને રદ કરવાની માંગ ઊઠી છે. ગતરોજ વ્યારાના ખુશાલપુરા, ભાનાવાડી, લોટરવા તેમજ વાલોડ તાલુકાના ધામોદલા, કહેર, કલમકુઈ, બેડકૂવા સહિતનાં ગામોના આગેવાનોએ પ્રોજેક્ટને રદ કરવા માટે તાપી કલેક્ટર દેવ ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું. અને NTPC/NPUNLના પ્રસ્તાવિત પરમાણુ ઊર્જા પ્રોજેક્ટના ફિઝિબિલિટી સરવે સામે પણ આગેવાનોએ સંપૂર્ણ વિરોધ નોંધાવ્યો છે.

આ વિસ્તાર બંધારણની પાંચમી અનુસૂચિ હેઠળ સુરક્ષિત આદિવાસી વિસ્તાર છે. સ્થાનિક ગ્રામસભાઓએ એકમતે ઠરાવ પસાર કરીને ગામની ખાનગી, સામુદાયિક, ગોચર કે સરકારી પડતર જમીન પર કોઈપણ પ્રકારના સરવે કે પ્રોજેક્ટ માટે કોઈ મંજૂરી આપી નથી. ત્યારે NTPCના ટેન્ડર નંબર GEM/2026/B/7561644 (તા.૨૬ મે ૨૦૨૬) અને IIT ખડગપુરના ભૂસ્તરીય અભ્યાસનો ઉલ્લેખ કરીને જણાવ્યું છે કે ગ્રામસભાની પૂર્વ મંજૂરી વિના કોઈપણ કામગીરી ગેરકાનૂની ગણાશે. પાંચમી અનુસૂચિના વિસ્તારમાં ગ્રામસભા સર્વોપરી છે. ત્યારે વહીવટી તંત્ર કે કંપની બળજબરીપૂર્વક સર્વે શરૂ કરશે તો તેની સંપૂર્ણ કાયદાકીય અને નૈતિક જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે તેવી કાનૂની નોટિસ ગણીને સરવેની પ્રક્રિયા તાત્કાલિક અટકાવવાની માંગ કરી છે.

ગતરોજ સંભવિત અસરગ્રસ્ત ગામના આગેવાનોએ પ્રોજેક્ટ આવશે કે નહીં તે અંગે જાણકારી મેળવવા કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતાં અને તાપી કલેક્ટરને લેખિત રજૂઆત કરી હતી ત્યારે આગેવાનોને કલેક્ટરે NTPC પ્રોજેક્ટ આવે તેવી સંભાવના વ્યક્ત કરી હતી. જેને કારણે 10 જેટલાં ગામના આગેવાનોએ અલગ-અલગ ગ્રામ પંચાયત દ્વારા NTPC પ્રોજેક્ટને રદ કરવાની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## કડોદરામાં ૨.૫૪ લાખનો દારૂ ઝડપાયો

પલસાણા: કડોદરા જીઆઈડીસી પોલીસે બારડોલી-સુરત હાઈવે પર ભાસ્કર મિલ પાસે ટેમ્પો નં.(GJ-21-X-0893) અટકાવી ભાગવાનો પ્રયાસ કરતા સૂરજ હરિશરણ સિંગ અને એક સગીરને ઝડપી પાડ્યા હતા, જ્યારે ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ટેમ્પોમાંથી રૂ.૨,૫૪,૭૮૪ની દારૂની ૧૬૦૮ બોટલ, ૪૦,૦૦૦નો ટેમ્પો અને ૧,૦૦૦નો મોબાઈલ મળી ૨,૯૫,૭૮૪નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ દારૂ બગુમરા નહેર પાસે કારમાંથી ભરી કામરેજ મોકલવાનો હતો. પોલીસે ગુનો નોંધી ફરાર ડ્રાઈવર, કુંદન, રાજુ શાહ અને બ્રેઝા કાર ચાલક સહિત ૫ શખ્સને વોન્ટેડ જાહેર કર્યા છે.

## સરૈયા ગામે દીપડી પાંજરે પુરાઈ

વ્યારા: વ્યારાના સરૈયા ગામે અંદાજિત બેથી અઢી વર્ષની દીપડી પાંજરામાં કેદ થઈ હતી. જેને પગલે સ્થાનિકોએ રાહત અનુભવી હતી. વિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી પાંજરે પુરાયેલી દીપડીનો કબજો મેળવી સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરી હતી.

## વહેવલમાં 63 હજારનો દારૂ ઝડપાયો

અનાવલ: અનાવલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વહેવલ ગામે પોલીસે 63 હજારનો દારૂ ઝડપી પાડ્યો હતો. અનાવલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વહેવલ ગામના હટવાડા ફળિયામાં રેઈડ પાડી હતી. રેઈડ દરમિયાન આરોપી જિગરભાઈ જયંતીભાઈ પટેલ અંધારાનો લાભ લઈ સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી વિદેશી દારૂની ૩૮૪ બાટલી અને ૪૮ ટીન બિયર મળી કુલ ૪૩૨ નંગ જથ્થો (કિંમત રૂ.૬૩,૬૦૦) જપ્ત કર્યો છે. પોલીસે આરોપી સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કરંજ ગામના જગદંબા સુપર સ્ટોરમાં ગેસ રિફિલિંગ કૌભાંડ

**રૂ.૯,૦૦૦ના** મુદ્દામાલ સાથે એકની અટકાયત

માંડવી: તડકેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત આવતા કરંજ હરિયાલ ગામે આવેલા ભાગ્યલક્ષ્મી કોમ્પ્લેક્સમાં ચાલતી 'જગદંબા સુપર સ્ટોર' નામની દુકાનમાં ગેરકાયદે રીતે ગેસ રિફિલિંગનું પ્રકરણ સામે આવ્યું છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને એક આરોપીને ઝડપી પાડ્યો છે.

મૂળ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના અને હાલ કરંજ હરિયાલ ગામે રહેતા દિનેશ જેઠમલ જાટ (ઉં.વ.૨૯) નામના શખ્સ દ્વારા પોતાની દુકાનમાં જોખમી રીતે ગેસ રિફિલિંગ કરવામાં આવી રહ્યું હતું. આરોપી દ્વારા એચ.પી. કંપનીના ૧૯ કિ.ગ્રા.ના કોમર્શિયલ ગેસના બાટલામાંથી અન્ય બોટલોમાં રેગ્યુલેટરવાળી પાઈપ વડે ગેરકાયદે રીતે ગેસ ભરીને છૂટક વેચાણ કરવામાં આવતું હતું. પોલીસે સ્થળ પરથી એચ.પી. કંપનીનો ૧૯ કિ.ગ્રા. નો કોમર્શિયલ અર્ધ ભરેલો ગેસનો બાટલો (કિં.રૂ.૩,૦૦૦), ખાલી ગેસનો બાટલો (કિં.રૂ.૧,૦૦૦), રિફિલિંગ પાઈપ નંગ-૧ (કિં.રૂ. ૧,૦૦૦) અને એક ઈલેક્ટ્રિક વજન કાંટો (કિં.રૂ.૪,૦૦૦) સહિત કુલ રૂ.૯,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સાયણ સુગરનો ચાલુ વર્ષે ૯ લાખ મે.ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક



જયેશ પટેલ

સાયણ: સાયણ સુગરે ચાલુ વર્ષમાં ૯ લાખ મે.ટનથી વધુ શેરડી પિલાણ કરવાના લક્ષ્યાંક સાથે સોમવારે વિધિગત સુગર મિલનું કારખાનું શરૂ કર્યું હતું. સુગરના ડિરેક્ટર સંદીપ પટેલના હસ્તે સુગરના યાર્ડમાં, ટ્રાન્સપોર્ટ ઓફિસ તેમજ વે-બ્રિજની પૂજાવિધિ કર્યા બાદ ફેક્ટરીની ચેઈનમાં સુગરના પ્રમુખ કેતન પટેલ, ઉપપ્રમુખ જતિન પટેલ સહિત બોર્ડ ઓફ ડિરેક્ટરોએ શેરડી નાંખી પિલાણનાં શ્રી ગણેશ કર્યાં હતાં. આ પ્રસંગે ચેરમેન કેતન પટેલે શેરડી ભરેલી ટ્રકના ડ્રાઇવરોને પોતાના તરફથી રોકડ પુરસ્કાર એનાયત કરી જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે સંસ્થા પાસે ૧૬,૬૫૦ એકર શેરડીનું નવું રોપાણ અને ૮,૮૯૭ એકર લામ મળી કુલ ૨૫,૫૪૭ એકર ઊભી શેરડી પિલાણ માટે ઉપલબ્ધ છે. ઉપરાંત બીન સભાસદોની શેરડી પણ મળી રહે તેમ હોવાથી અંદાજિત ૯ લાખ મે.ટનથી વધુ શેરડી ક્રસિંગ કરવાનો અમો આશાવાદ છે. આ પ્રસંગે સંસ્થાના એમ.ડી. રોહિત દેસાઈ, સુગરના બોર્ડ ઓફ ડિરેક્ટરો, ઝોન સમિતિના હોદ્દેદારો, જાગૃત સભાસદો, સુગરના અધિકારી-કર્મચારીઓ, કામદારો ઉપસ્થિત રહ્યા હતા.

### ચલથાણ સુગરમાં શેરડી પિલાણ સિઝનનો પ્રારંભ



દિપકસિંહ મહીડા

અંત્રોલી: પલસાણાના ચલથાણ ખાતે આવેલી શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ની શેરડી પિલાણ સિઝનની સત્તાવાર શરૂઆત કરવામાં આવી છે. આ પિલાણ સિઝનનો પ્રારંભ તા.૨૬-૧૦-૨૦૨૬ ને સોમવાર, આસો સુદ પૂનમના રોજ સવારે ૧૦ કલાકે વિધિવત પૂજા-અર્ચના સાથે કરવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, તમામ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ, મેનેજિંગ ડિરેક્ટર, અધિકારીઓ તેમજ કામદાર અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાની પ્રગતિ માટે સભાસદો, સંચાલકો અને કામદારો એકબીજાના પૂરક બનીને સહકારના સંયમથી સહભાગી થાય તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

### પંડવાઈ સુગરમાં શેરડી પિલાણ સિઝન શરૂ



પ્રવીણ તેરૈયા

ભરૂચ, અંકલેશ્વર: હાંસોટની પંડવાઈ સુગરમાં શેરડી પિલાણ સિઝનનો શુભારંભ થયો છે. રાજ્યના જળ સંપત્તિ મંત્રી તથા પંડવાઈ સુગરના ચેરમેન ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં ડિરેક્ટર રણજીતસિંહ પટેલના હસ્તે પૂજા વિધિ કરીને સિઝનની શુભ શરૂઆત કરાઈ હતી. આ સિઝન માટે 6 લાખ મેટ્રિક ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. આ પ્રસંગે મંત્રી ઈશ્વરસિંહ પટેલે શેરડી ઉત્પાદકોને અપીલ કરી હતી કે, સુગર ફેક્ટરીમાં નોંધાવેલી શેરડી અન્ય જગ્યાએ આપવાનાં બદલે પંડવાઈ સુગર ફેક્ટરીમાં જ આપે. ખેડૂતોએ પિલાણ સિઝન દરમિયાન ફેક્ટરીને સહયોગ આપવા અનુરોધ કરાયો છે. આ પ્રસંગે ઉપપ્રમુખ અરવિંદભાઈ પટેલ, ડિરેક્ટર પૈકી રાજેન્દ્રભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, ઇન્દ્રજીતસિંહ પરમાર, ધવલસિંહ વરાછીયા, વિનોદભાઈ પટેલ, શાંતાબેન પટેલ, રઘુવીરસિંહ કોસાડા, જયેશ પટેલ, અલ્કેશભાઈ પટેલ, નટવરભાઈ વસાવા, ઈનચાર્જ મેનેજિંગ ડિરેક્ટર મુકેશ પટેલ, વર્કસ મેનેજર દિલીપ ચૌધરી, ચીફ એકાઉન્ટન્ટ વિરેન્દ્રસિંહ ઠાકોર, ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ અજયભાઈ નાયક સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કામરેજ સુગરમાં શેરડી પિલાણનો શુભારંભ



વિશાલ પટેલ

કામરેજ: કામરેજના નવી પારડીની કામરેજ સુગરની 34મી શેરડી પિલાણ સિઝન 2026-27નો શુભારંભ સોમવારે સવારે 9.30 કલાકે સંસ્થાના સભ્ય સમીર મુકેશભાઈ પટેલ (કન્યાસી)ના હસ્તે શરૂ કરવામાં આવી હતી, જેમાં સંસ્થાના પ્રમુખ અશ્વિન પટેલ (દાઢી-ધાતવા), ઉપપ્રમુખ છાયાબેન ગોહિલ, સંચાલક મંડળના ડિરેક્ટરો, મેનેજિંગ ડિરેક્ટર, અધિકારી તેમજ કામદાર-કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યો હતો. આગામી 31મી માર્ચના અંત સુધીમાં અંદાજિત 5.50થી 5.75 લાખ મેટ્રીક ટન શેરડી પિલાણના લક્ષ્યાંક સાથે સિઝનનો પ્રારંભ કરાયો છે. સંસ્થાના પ્રમુખ અશ્વિન પટેલે તમામનો આભાર વ્યક્ત કરી સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ માટે સૌના સહકારની અપેક્ષા સાથે વ્યક્ત કરી હતી.